અપીલ અરજી નં.૧૨૫ તા.૯–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ડી.સી.ભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડી.સી.ભટ્ટની તા.૧૨–૫–૧૦ ની અરજી થી(૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી, લિંબાયત ઝોનની બાજુમાં લિંબાયત ખાતે થઈ રહેલ બાંધકામ કરવાની પરવાનગી અપાયેલ છે તેની આંકડાકીય માહિતી આપશો. (૨) સદરહ સ્થળ કુલ કેટલા ચોરસ મિટરનું ક્ષેત્રફળ ધરાવે છે? આંકડાકીય માહિતી આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૯–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૨૫/૨૦૧૦–૧૧

શ્રી ડી.સી.ભટ્ટની તા.૧૨–૫–૧૦ ની અરજી થી (૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી, લિંબાયત ઝોનની બાજુમાં લિંબાયત ખાતે થઈ રહેલ બાંધકામ કરવાની પરવાનગી અપાયેલ છે તેની આંકડાકીય માહિતી આપશો. (૨) સદરહુ સ્થળ કુલ કેટલા ચોરસ મિટરનું ક્ષેત્રફળ ધરાવે છે? આંકડાકીય માહિતી આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૭૪ તા.૧૩–૭–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઈઝોન/મહેકમ/૧૭૬૩ તા.૨–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, ફી ભર્યાની વિગત, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૬૫ તા.૨૬–૭–૧૦ ના પત્રની નકલ તથા તેના યુપીસી કર્યા અંગના પુરાવાની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૨–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી, લિંબાયત ઝોનની બાજુમાં લિંબાયત ખાતે થઈ રહેલ બાંધકામ કરવાની પરવાનગી અપાયેલ છે તેની આંકડાકીય માહિતી આપશો. (૨) સદરહુ સ્થળ કુલ કેટલા ચોરસ મિટરનું ક્ષેત્રફળ ધરાવે છે? આંકડાકીય માહિતી આપશો. મુદ્દા નં.(૩) સદરહુ સ્થળની પાછળથી પસાર થતી ખાડીનું પુરાણ કરીને થઈ રહેલ બાંધકામની પરવાનગી કોણે આપેલ છે? બાંધકામ થતા અગાઉ ખાડીની પહોળાઈ અને હાલની પહોળાઈ ની આંકડાકીય માહિતી આપશો. (૪) સદરહુ સ્થળ ખાતે બંધાઈ રહેલ ભવ્ય ટેક્ષટાઈલ જમીન અગાઉ કોની માલીકીની હતી અને હાલ કોની માલીકીની છે. તે તમામના નામ સરનામા, ફોન નંબર, મોબાઈલ નંબર જણાવશો. (૫) સદરહુ મિલ્કત ખાતે માર્જીનની જગ્યા સીઓપીની તથા પાર્કીગની જગ્યાના માપની આંકડાકીય માહિતી આપશો. (૬) સદરહુ સ્થળે પ્લાન મુજબ કામ થાય છે બાબતની દેખરેખ એસએમસીના કયા અધિકારી રાખી રહેલ છે તે તમામ અધિકારીઓનો હોદ્દો જણાવશો. જેના સંદર્ભે નિયત સમય મર્યાદામાં પ્રતિભાવ મળેલ નથી તેવું જણાવી અરજદારે તા.૯–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૫૬૫ તા.૨૬–૭–૧૦ થી અરજદારને વિલંબિત માહિતી " પ્રસ્તાવિત ટીપી નં.૩૩ (કુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ ખાડીને લાગુ આવેલ છે. મિલ્કતદાર તરફથી તેઓના ફાયનલ પ્લોટમાં માટી પુરાણ દરમ્યાન ખાડીના ભાગે કેટલુંક પુરાણ જણાતા અત્રેથી લીંબાયતઝોન તરફથી કાયદેસરની કાર્યવાહી કરી તે દુર કરવાનું ચાલુ કરાવેલ છે. તેમજ તે માટે તેઓ પાસેથી જરૂરી ડીપોઝીટ પણ લેવામાં આવેલ છે. આ જગ્યાની માલીકી શ્રી રાજેશ કે. શાહ તથા સભ્યોના પાવરદારની છે અને ૫૫૨૪.૦૦ ચો.મી. વિસ્તારમાં બાંધકામ કરવા મુખ્ય શહેર વિકાસ તરફથી સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જે અંગે પોસ્ટ કર્યાના યુપીસી પુરાવાની નકલ પણ રજૂ કરેલ છે. અરજદારે "રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી લીંબાયતઝોનની બાજુમાં" ની માહિતી મુદ્દા નં.૧ માં માંગેલ છે. જે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ જણાય છે. મુદ્દા નં.૨ અંગે અરજદારે સદર સ્થળ કુલ કેટલા ચો.મી.નું ક્ષેત્રફળ ધરાવે છે તેવું પુછેલ છે જાહેર માહિતી અધિકારી ધ્વારા બાંધકામની પરવાનગી આધારે ક્ષેત્રફળ જણાવેલ છે જે કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ દફતરી ઉપલબ્ધ વિગતે પૂરી પાડવાની રહે તે આપ્યાનું માનવાને કારણ રહે છે. મુદ્દા નં.૩ માં બાંધકામ અગાઉની ખાડી પહોળાઈ અને બાંધકામ પછીની માહિતીની વિગત આપેલ જણાતી નથી. મુદ્દા નં.૪ અંગે માલિકીની માહિતી આપેલ છે. પરંતુ નામ, સરનામા , ફોન નંબર અંગે માહિતી આપેલ નથી. કે કલમ–૮ હેઠળ ઈન્કાર કરેલ નથી. મુદ્દા નં.૫ અને ૬ ની માહિતી આપેલ નથી કે અન્યને તબદીલ કરેલ નથી. તે પૈકી મુદ્દા નં.૬ આરટીઆઈ એકટની કલમ–૪ (ડી) હેઠળ સ્વયં જાહેર કરવા જોગ યોગ્ય કક્ષામાં પણ આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૨–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ આંશિક,૪ આંશિક તથા ૫ અને ૬ ની ફરીયાદની હકીકતમાં અત્રે નિર્દિષ્ટ નહીં પૂરી પાડેલ માહિતી દફતરી ઉપલબ્ધ વિગતે આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડી.સી.ભટ્ટ